ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



**ડૉ. હિમાંશુ પટેલ**
ચેરમેન, ગાંધીનગર નાગરિક સહકારી બેન્ક
મો. ૯૮૨૫૦ ૨૭૭૨૧



**પિનાકીન વ્યાસ**
સંગીતજ્ઞ, કલાગુરુ
મો. ૯૮૭૯૭ ૪૧૯૯૪



**સકુબેન વસંતભાઈ પટેલ**
મો. ૯૯૯૮૦ ૭૩૨૫૦



**અનિતાબેન આર પરમાર**
મો. ૯૭૨૩૮ ૯૮૧૪૦



**ભાવિન ગૌતમભાઈ આગજા**
મો. ૯૭૨૪૯ ૯૭૦૮૩

# ‘સૅટરડે નાઈટ્સ’ દ્વારા પ્રેક્ષકોને સલામ







સ્વર્ણિમ પાર્ક ખાતે ‘સૅટરડે નાઈટ્સ’માં શનિવારે લગ્નેતર સંબંધો પર આધારિત નાટક ‘બેવફા સાજણ’નો પાંચમો અને છેલ્લો અંક પ્રસ્તુત કરવામાં આવ્યો હતો અને આ નાટકથી આવા સંબંધો એ ખરાબ જ નહીં, પરંતુ ખતરનાક પણ છે એવો સંદેશ આપવામાં આવ્યો હતો, જે પ્રેક્ષકોએ ખૂબ વખાણ્યો હતો. આ શનિવારે નવી વાત એ થઈ હતી કે આ વખતે પ્રેક્ષકો દ્વારા કલાકારોને જે દાદ મળી એના કરતાં કલાકારો દ્વારા પ્રેક્ષકોને વધુ સલામ મળી હતી ! થયું એવું કે કલાકારો ને પ્રેક્ષકો ૮.૩૦થી આવવા લાગ્યા હતા. શો ૯ વાગ્યે શરૂ કરવાના તૈયારીઓ પણ થવા લાગી હતી પરંતુ એ પહેલાં જ ૮.૪૦ કલાકે વરસાદ શરૂ થયો. સ્વાભાવિક રીતે જ સૌ આડશ શોધવા લાગ્યા, જેને જ્યાં જગ્યા મળી ત્યાં આડશ નીચે ઊભા રહી ગયા. કલાકારો પણ ગેટની કમાન નીચે ઊભા રહી ગયા ને એમની સાથે થોડા પ્રેક્ષકો પણ હતા. વરસતા વરસાદથી તો કલાકારો બચ્યા પણ એમને ચિંતા પેઠી કે હવે શો નહીં થાય. કારણ કે મોટાભાગના પ્રેક્ષકો દેખાતા નહોતા અને ઉદ્યાનનું ઘાસ સંપૂર્ણપણે ભીનું થઈ ગયું હતું. આમાં પ્રેક્ષકો બેસે કેમ અને શો જુએ કેમ ? પરંતુ કલાકારોને પોતાની આ ચિંતા અસ્થાને હતી એવો સુખદ અનુભવ વરસાદ બંધ થતાં જ થયો. વરસાદ બંધ થતાં જ જાણે હવામાંથી ફૂટી નીકળતા હોય એમ પ્રેક્ષકો પરત શોના સ્થળે આવવા લાગ્યા ને શો માણવા માટે ગોઠવાઈ પણ ગયા. આ જોઈને કલાકારોનો જુસ્સો વધી ગયો. કલાકારો વરસાદથી તો કોરા રહી શક્યા પણ પ્રેક્ષકોના આ સ્નેહથી ભીંજાયા વિના ન રહી શક્યા ! સજળ આંખેને હૈયે એમણે પ્રેક્ષકોને સલામ કરી ને પછી નાટક, ગીત-સંગીતનો એવો તો મધુરો દોર ચલાવ્યો કે મનોરંજનના વરસાદથી પ્રેક્ષકો પણ ભીંજાઈ ગયા !

## મનમાં વિચાર હોવો જોઈએ કે જીવનમાં કંઈક કરી છૂટવું છે : પૂ. વિવેકજીવનદાસ સ્વામી





ગાંધીનગર,

આર્ષ સંશોધન કેન્દ્ર ગાંધીનગર દ્વારા પ્રવચનમાળાના ભાગરૂપે ‘અનોખી વિચારશૈલી’ વિષયે ૭૬મા પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ‘સ્વામિનારાયણ બ્લીસ’ મેગેઝીનના સહ સંપાદક, પૂ. વિવેકજીવનદાસ સ્વામીજીએ સુંદર વિચારો રજૂ કરી વકતવ્ય આપ્યું હતું, જેનો લાભ લેવા ૧૫૦૦ જેટલા શ્રોતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

પૂ. વિવેકજીવનદાસ સ્વામીએ જણાવ્યું હતું કે, આપણા દરેકના જીવનમાં અનુભવ થાય છે કે, કોઈપણ કામધંધો કરતા હોય, વિદ્યાથીઓ અભ્યાસ કરતા હોય, જીવનમાં કોઈ વ્યવહાર કરતાં હોય તે રોજબરોજનાં કાર્ય રૂટીન બની જાય છે. તેમાં બેદરકાર બનવાની પૂરેપૂરી શક્યતા છે પણ જીવનમાં કંઈક ને કંઈક આગળ વધાય, ઉત્સાહ અને આનંદ કાયમ જળવાઈ રહે તે પ્રકારનાં કાર્યને સફળતાપૂર્વક કરવા માટે કંઈક અનોખું વિચારવાની જરૂર છે.

દરેકના જીવનની અંદર કટોકટીના પ્રસંગ આવે છે, આક્રોશ ઠલવાતો હોય તે પ્રસંગમાં સ્થિર રહેવું કઠિન હોય છે. ધ્યેયને વળગી રહેવું હોય તો માનવીના જીવનમાં દૃઢ વિચારધારા હોય તો જ શક્ય બને છે. જુદું વિચારી શક્તો હોય તો પરિણામ લાવી શકે છે.

આપણો વાંક હોય ત્યારે બીજા પર દોષારોપણ કરીએ છીએ. વ્યક્તિએ જીવનમાં ચાર મુદ્દા ઉતારવા જોઈએ (૧) લાયકાત કેળવો. શિક્ષક હોય તો ભણાવવાની લાયકાત હોવી જોઈએ. (૨) મનમાં વિચાર હોવો જોઈએ કે જીવનમાં કંઈક કરી છૂટવું છે (૩) જે પણ કંઈક દુનિયાની અંદર છે તેનો સ્વીકાર કરવો જોઈએ. અપનાવવું પડે અને (૪) શિસ્ત હોવી જોઈએ. જીવનમાં નિયમિતતા જરૂરી છે.

વ્યક્તિને જ્યારે નવો વિચાર આવે છે તો તેના જીવનમાં ફેરફાર થાય છે બીમાર માણસ મનથી ભાંગી પડ્યો હોય તો તેની લાગણીઓને હકારાત્મક બનાવવવી જોઈએ.

વ્યક્તિમાં શ્રદ્ધા, પ્રેમ, આશા, અને હાસ્ય આ ચાર મુદ્દા જરૂરી છે. આપણે જ આપણું જીવન સ્ટ્રેસફૂલ બનાવી દીધું છે. હળવાશભર્યું જીવન બનાવતા નથી. આપણામાં કંઈક અનોખી વિચારશૈલીની જરૂરીયાત છે. આપણે જીવનમાં ઘણું બધુ મેળવવાનું છે તે ધ્યાનમાં રાખીએ તો હકારાત્મક વિચારો કુદરતી રીતે જ આવશે.

## પ્રેરણા વિદ્યાલય ખાતે કૅન્સર અંગે જાગૃતિનો કાર્યક્રમ યોજાયો

### કૅન્સર કેવી રીતે થાય છે, કૅન્સર કેટલા પ્રકારના છે તથા તેના નિવારણ માટે કેવી સાવચેતી રાખવી જોઈએ એ અંગેની વિગતો વિદ્યાર્થીઓને અપાઈ

ગાંધીનગર, તા. ૨૭


સૅક્ટર-૫ એ ખાતે કાર્યરત પ્રેરણા વિદ્યાલય ખાતે કૅન્સરના રોગ અંગે જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં શાળામાં પધારેલા ગ્લોબલ કૅન્સર કન્સર્ન ઈન્ડિયનના રાજેશભાઈએ વિદ્યાર્થીઓને કૅન્સર અંગેની તલસ્પર્શી માહિતી આપી હતી. કૅન્સર કેવી રીતે થાય છે, કૅન્સર કેટલા પ્રકારના છે તથા તેના નિવારણ માટે કેવી સાવચેતી રાખવી જોઈએ એ બધી જ વિગતો તેમણે વિદ્યાર્થીઓને આપી હતી.

આજની બેદરકાર યુવાપેઢી વ્યસનના રવાડે ચડીને આવા રોગોનો ભોગ બને છે અને પોતાની કીમતી જિંદગીની બલિ ચડાવી દે છે, એમ જણાવી તેમણે વિદ્યાર્થીઓને વ્યસનોથી દૂર રહેવા અને આવા રોગો પ્રત્યે સભાન રહેવાની સલાહ આપી હતી.

વિદ્યાર્થીઓ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો પણ તેમણે પાઠવ્યા હતા.

કાર્યક્રમના અંત ભાગમાં વિદ્યાલયના આચાર્ય મનિષભાઈ ખત્રી દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.






પચીસ વર્ષીય સુજીત લલવાણીએ જીવન જીવવાના ઉદ્દેશ્ય, ફોકસ અને જીવનના અર્થના કેટલાક સિદ્ધાંતો સ્વરૂપે પુસ્તક ‘લાઈફ સિમ્પલીફાઈડ’ લખ્યું છે. સુજીત લલવાણી ‘ઈન્સ્પીરેશન અનલિમિટેડ’ કંપનીના સ્થાપક છે અને તેમનું આ પુસ્તક વાચકો જીવનના ઉદ્દેશ્યનો અહેસાસ કરાવે છે. આ પુસ્તક www.lifesimplifiedbook.com પર ઉપલબ્ધ છે. અન્ય દેશોના લોકો તેને ઍમેઝોન અથવા ફેસબૂકના માધ્યમથી (www.facebook.com/SL.lifesimplified) પ્રાપ્ત કરી શકે છે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
જુનૂનિયત
૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૦૦
રમન રાઘવ
૭.૦૦

**સ્ક્રીન-૩**
ઈન્ડીપેન્ડન્સ ડે (૩ડી, અંગ્રજી)
૨.૪૫, ૭.૪૫
ઈન્ડીપેન્ડન્સ ડે (૩ડી, હિન્દી)
૧૨.૧૫, ૫.૧૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૪**
જુનૂનિયત
સવારે ૧૦.૦૦
દાવ થઈ ગયો યાર (ગુજરાતી)
૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
૭ અવર્સ ટુ ગો
૬.૪૫

**સ્ક્રીન-૫**
ઉડતા પંજાબ
૩.૩૦, ૭.૦૦, ૧૦.૦૦
રમન રાઘવ
સવારે ૧૦.૦૦, ૧૨.૩૦

## માઉન્ટ કાર્મેલ સ્કૂલનું ગૌરવ



ગાંધીનગર, તા. ૨૭

ગત માર્ચ માસમાં લેવામાં આવેલી ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષામાં માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની દૃષ્ટિ રાજેશકુમાર પટેલે એ૧ ગ્રેડ પ્રાપ્ત કરીને સ્કૂલનું ગૌરવ વધાર્યું છે.

દૃષ્ટિને તેના આ ઉજ્જવળ પરિણામ બદલ શાળા પરિવાર તરફથી અભિનંદન સહ શુભકામના પાઠવવામાં આવી છે.

# સલામ છે તરજુના આત્મવિશ્વાસને અને એની ખુમારીને




૧૫ માર્ચ, ૨૦૧૬ ને મંગળવારનો એ દિવસ હતો. અમેરિકાની યુનિવર્સિટી ઑફ પીટ્સબર્ગના ન્યુરો કેસ સ્ટડી ક્લાસમાં એક નજર લાગે એવી ફુટડી યુવાન દીકરી તરજુએ એની ક્લાસમેટ સૃષ્ટિને કહ્યું, ‘યાર, મુજે ઐસા લગતા હૈ કિ મેરે કો ‘મલ્ટીપલ સ્કલેરોસીસ’ હુઆ હૈ.’ બહેનપણી સૃષ્ટિએ તરજુનો હાથ પકડી લાગણીથી કહ્યું, ‘યાર, પ્લીઝ. ઐસા મત બોલ, ભગવાન કે લિયે ઐસા મત બોલ.’

ગાંધીનગર શહેરમાં ઉછરેલી અને ૨૦૧૪માં બૅચલર ઑફ ફિઝીયોથેરાપીનો અભ્યાસ કરી કલીવલેન્ડ સ્ટેટ યુનિવર્સિટી, ઓહાયોમાં માસ્ટર્સ કરવા માટે તરજુ ૨૦૧૫માં અમેરિકાની વાટે નીકળી.

મૅન્ટલી સ્પેશિયલ છોકરાઓની સંભાળ તરજુનો વિશેષ રસનો વિષય. આમ પણ તબીબ પિતા જયેશભાઈનો વારસો તરજુએ બરાબર સાચવ્યો છે. મલ્ટીપલ સ્કલેરોસીસે ક એવા પ્રકારનો રૅરેસ્ટ ઑફ રૅર’ કહી શકાય એવો રોગ છે કે જેમાં દિન-પ્રતિદિન આ રોગનાં લક્ષણો વધુ ને વધુ વકરતાં જાય છે. તરજુ ગ્રૅજ્યુએશન કરતી ત્યારે અમદાવાદની વી ઍસ હૉસ્પિટલમાં તેની ટ્રેનિંગ દરમ્યાન તેનું પહેલું પેશન્ટ એણે ‘મલ્ટીપલ સ્કલેરોસીસ’નું જ ટ્રીટ કર્યું હતું. તરજુ આ રોગમાં નિષ્ણાત બની આ પ્રકારના રોગીની સેવા કરવા મનોમન ગાંઠ વાળી ચૂકી હતી.

૧૫ માર્ચ, ૨૦૧૬ ને મંગળવારના દિવસે જ્યારે તરજુને સૃષ્ટિને કહ્યું કે મને ‘મલ્ટીપલ સ્કલેરોસીસ’ થયું હોય એમ લાગે છે ત્યારે તેણે અગાઉ પોતાના શરીરમાં જે પ્રકારનાં પ્રાથમિક પરિવર્તનો જોયાં એ નોંધ્યાં હતાં. બીજે દિવસે એ સૃષ્ટિને લઈને તેની જ કૉલેજ નજીક સ્થિત અમેરિકાની પ્રખ્યાત હૉસ્પિટલમાં પોતાનો ઍમઆરઆઈ ટેસ્ટ કરાવવા પહોંચી. સ્વાભાવિક રીતે જ સૃષ્ટિ બહાર વેઈટિંગ લૉન્જમાં બેઠી અને તરજુ અંદર નિષ્ણાત તબીબો જોડે ઍમઆરઆઈની વિધિ માટે ગઈ. થોડા સમય પછી તરજુ ગોરા ડૉક્ટર્સની રૂમમાંથી બહાર આવી ને વેઈટિંગ લૉન્જમાં સૃષ્ટિ સાથે રિપોર્ટની રાહ જોતી બેઠી.

થોડા સમય પછી એક ગોરો તબીબ રૂમમાંથી બહાર આવિયો અને ખૂબ લાગણીસભર રીતે તરજુનો હાથ પકડીને કહ્યું, ‘આઈ નો, ઈટ વિલ બી વૅરી શૉકિંગ ફોર યુ વૉટ એવર આઈ ઍમ ગોઈંગ ટુ સે યુ. વીર આર સસ્પેક્ટિંગ સ્પાઈનલ ટ્યુમર ઑફ મલ્ટીપલ સ્કલેરોસીસ.’

કોઈપણ વ્યક્તિ ડૉક્ટરના આ શબ્દો સાંભળીને આભ તૂટી પડ્યું હોય એમ છળી ઊઠે. પણ તરજુએ એકપણ સૅકન્ડ ડિસ્ટર્બ થયા વગર પોતાના સૅલફોનથી પોતાના ‘ફિયોન્સે’ વાઘેશને સમાચાર આપ્યા ને તરત બીજો કૉલ ગાંધીનગરમાં પપ્પાના ખાસ મિત્ર ને જાણીતા ઑર્થોપેડિક સર્જન ડૉ. વિજય ઉપાધ્યાયને કર્યો, વાત તો જણાવી પણ પિતાને આ વાત ન જણાવવાની વિનંતીય ડૉ. ઉપાધ્યાયને કરી. કારણ પોતે પોતાના સંવેદનશીલ પિતાને બરાબર સમજતી હતી. ‘તમે તમારી રીતે એકાદ દિવસ પછી પપ્પાને કહી દેજો’ એમ તરજુએ ડૉક્ટરને કહ્યું.

બીજા દિવસે ડૉ. વિજય ઉપાધ્યાયે પોતાના મિત્ર અને સાથી તબીબ ડૉ. જયેશ શાહને તરજુના ફોનની વિગત આપી. લાગણીશીલ પિતા ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યા. કેમેય કરીને આંસુ રોકાતાં નહોતાં. એમણે તરત ફોન કરીને તરજુને પરત ગાંધીનગર આવવા કહ્યું, વાઘેશે જે પહેલી ફ્લાઈટની ટિકિટ મળતી હતી તે બૂક કરાવી લીધી ને તરજુ ગાંધીનગર આવી ગઈ. ગાંધીનગર પાછા આવવાનો સંદેશ મળ્યો ત્યારથી ગાંધીનગરમાં આવી ત્યાં સુધી એને પોતાની તબિયત કરતાં વધારે ચિંતા પપ્પાની હતી. સતત એ ફોન કરીને મમ્મીને કહેતી રહી હતી, ‘મમ્મી, પપ્પાને સાચવજે. એ બહુ ઢીલા છે.’

તબીબ પિતા અને દીકરી બંનેએ ફરી સારામાં સારી લૅબોરેટરીમાં જઈને પુનઃ ચકાસણી કરાવી. રિપોર્ટ એ જ. ગુજરાતના જાણીતા ન્યુરોસર્જનની ટ્રીટમેન્ટ શરૂ કરી. દરમિયાનમાં તિબેટીયન હર્બલ પદ્ધતિના નિષ્ણાત એવા યેશી ધોન્ડેન કે જે દલાઈ લામાના મૅડિકલ ઍડવાઈઝર છે, તેમના વિષે ડૉ. જયેશને એમના મિત્રએ જણાવ્યું. જયેશભાઈ તરજુને ધરમશાલામાં લઈ ગયા. હર્બલ ટ્રીટમેન્ટની પણ શરૂઆત કરી. માર્ચ ૨૦૧૬થી આ ત્રણ મહિનાના સમયગાળામાં ડૉ. જયેશ અને એમના પરિવાર ઉપર ‘મલ્ટીપલ સ્કલેરોસીસ’નું જે વાવાઝોડું આવ્યું એ વાવાઝોડામાં તરજુ ડગી જવાની જગ્યાએ હિંમતપૂર્વક પરિસ્થિતિનો મુકાબલો કરતી દેખાઈ, એક જુદી જ તરજુનાં દર્શન થયાં. ગજબનો આત્મવિશ્વાસ અને ખુમારી આ છોકરીમાં છલકાઈ. પોતાની બીમારીના કારણે પોતાના લાડકવાયાં પપ્પા-મમ્મીની તબિયત ઉપર અસર ન થાય તેની પણ તે સતત કાળજી લેતી.

ડિસેમ્બરની આસપાસ તરજુ અને વાઘેશનાં લગ્ન લેવાનાં છે, વાઘેશે જ્યારે તરજુના આ રોગ વિશે જાણ્યું ત્યારે તેણે દૃઢતાપૂર્વક કહ્યું, ‘તરજુ, હવે આપણે બંને જે કાંઈપણ કમાઈશું એ તમામ રકમ ‘મલ્ટીપલ સ્કલેરોસીસ’ના દર્દીઓની સારવાર પાછળ જ ખર્ચીશું.’

આ આખી ઘટના જીવનના એક એવા મહત્ત્વપૂર્ણ પાસાને ઉજાગર કરે છે, જેનું નામ છે આત્મવિશ્વાસ. તરજુનો આત્મવિશ્વાસ અને જીવન જીવવાની એની ખુમારી, માતા-પિતાની સંભાળ, ફિયોન્સેને સાચી વાત જણાવી સાચી વાત જણાવી આગળ વધવાના નક્કર મનસૂબા બે બાબત ઉજાગર કરે છે : એક તો પરિસ્થિતિનો સમજપૂર્વક મુકાબલો અને હિંમતપૂર્વક આવનારી પરિસ્થિતિને નકારાત્મકતાની જગ્યાએ હકારાત્મક દૃષ્ટિકોણથી જોવાની સકારાત્મકતા. સ્વામિ વિવેકાનંદની પ્રચલિત વાત યાદ આવે, ‘અંધારામાં પકડેલું દોરડું આત્મવિશ્વાસના અભાવે સાપ લાગે અને વ્યક્તિ છળી મરે. અને આત્મવિશ્વાસ સાથે એક તબક્કે સામે આવી ચડેલા ચાર સિંહ સામે પણ બાથ ભીડીને ઉગરી જવાય.’



આત્મવિશ્વાસની કમી અનેક મુસીબતોનો નોતરે છે. તરજુએ આત્મવિશ્વાસની જે મિસાલ પૂરી પાડી છે એ તેના જેવી યુવતિઓ માટે ખરેખર એક પ્રેરણાનો પ્રકાશપુંજ છે. બ્રિટનના જાણીતા લેખક અને પ્રકાશક માર્ક્સ ગાર્વીએ આત્મવિશ્વાસ સંદર્ભે મજાની વાત કરી છે, ‘આત્મવિશ્વાસની સાથે તમે આરંભ પહેલાં વિજેતા છો.’ તરજુ વિજેતા છે, એનો આત્મવિશ્વાસ બૂલંદ છે.

આ ઘટનાની જાણ થઈ ત્યારે હૃદયના ઊંડાણમાંથી એક જ વાક્ય નીકળ્યું અને તે હતું, ‘નથીંગ ઈઝ ગોઈંગ ટુ હૅપન્ડ વિથ યુ તરજુ... સૅલ્યુટ ટુ યૉર સૅલ્ફ કૉન્ફિડન્સ.’

ડિગ્રી એન્જિનિયરિંગ માટે

## ૩૦ જૂન સુધી ચોઈસ ફિલિંગ ૪ જુલાઈએ એલોટમેન્ટ લિસ્ટ

ગાંધીનગર, તા. ૨૭

ધોરણ-૧૨ સાયન્સ પછીના ડિગ્રી એન્જિનિયરિંગમાં પ્રવેશ માટે શુક્રવારે એડમિશન કમિટી દ્વારા ફાઈનલ મેરિટ લિસ્ટ જાહેર કરાયું છે. ફાઈનલ મેરિટ લિસ્ટમાં ૪૭,૦૨૫ વિદ્યાર્થીઓને સમાવી લેવાયા છે. એડમિશન કમિટી દ્વારા ૬૦ હજારથી વધુ બેઠકો પર પ્રવેશ કાર્યવાહી હાથ ધરાઈ છે. જોકે મેરિટમાં ૪૭ હજાર જ વિદ્યાર્થીઓનો સમાવેશ થતાં ૧૩ હજાર જેટલી બેઠકો ખાલી પડી છે. ફાઈનલ મેરિટ લિસ્ટ જાહેર થયા બાદ હવે વિદ્યાર્થીઓ ૩૦ જૂન સુધી ચોઈસ ફિલિંગ કરી શકશે. ત્યારબાદ ૪ જુલાઈના રોજ પ્રથમ એલોટમેન્ટ લિસ્ટ જાહેર કરાશે.

પ્રોવિઝનલ મેરિટ લિસ્ટમાં ૪૬,૯૪૧ વિદ્યાર્થીઓનો સમાવેશ થયો હતો. જોકે ત્યારબાદ સાયન્સના રિચેકિંગ સહિતનાં પરિણામ જાહેર થયા બાદ મેરિટ લિસ્ટમાં ૮૪ વિદ્યાર્થીઓનો વધારો થયો છે. જેથી હવે ફાઈનલ મેરિટ લિસ્ટમાં ૪૭,૦૨૫ વિદ્યાર્થીઓનો સમાવેશ થયો છે. ફાઈનલ મેરિટમાં સમવિષ્ટ વિદ્યાર્થીઓ ૩૦ જૂન સુધી એક્ચુઅલ પ્રવેશ માટે ચોઈસ ફિલિંગ કરી શકશે. ચોઈસ ફિલિંગની કાર્યવાહી પૂર્ણ થયા બાદ ૪ જુલાઈના રોજ એડમિશન કમિટી દ્વારા પહેલી પ્રવેશ યાદી જાહેર કરી વિદ્યાર્થીઓને કોલેજોની ફાળવણી કરશે. ત્યારબાદ ખાલી પડેલી બેઠકો માટે એડમિશન કમિટી દ્વારા બીજા રાઉન્ડની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## વાચકોને આમંત્રણ

**‘સંવેદના’ વિભાગમાં સ્વાનુભવો લખવા**

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર ‘ગાંધીનગર સમાચાર’ ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

જૂન માસનો વિષય છે :

**‘મારા પ્રેમાળ પાડોશી’**